ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# સચિવાલયમાં ડીઝીટલ ઓટોમેટીક ગેટ બને છે

## પ્રધાનો-અધિકારીઓની ગાડીના નંબર ઈનપુટ થયા બાદ તે નંબર સિવાયની કોઈપણ ગાડી આવશે પરંતુ ગેટ નહી ખુલે : વીઆઈપી અને જનરલ એન્ટ્રી અલગ કરી દેવાશે

ગાંધીનગર, તા. ૭

રાજ્યના સૌથી મોટા વહીવટી સંકુલ કે જ્યાંથી રાજ્યભરનો વહીવટ થાય છે તેવા નવા સચિવાલયમાં સઘન સુરક્ષા તથા સલામતીના ભાગરૂપે હવે વીઆઈપી અને જનરલ મુલાકાતીઓની એન્ટ્રીગેટ અલગ કરી દેવામાં આવશે. વી.આઈ.પી. ગેટ પર ડીઝીટલ ફુલ્લી ઓટોમેટીક ગેટ બનાવવામાં આવનાર છે. જેમાં પ્રધાનો તથા ઉચ્ચ અધિકારીઓની ગાડીના નંબર ઈનપુટ કરી દેવામાં આવશે. તે નંબરની ગાડી ગેટ પાસે આવીને ઉભી રહેશે કે તરત જ ઓટોમેટીક ગેટ ખુલી જશે તે શિવાય કોઈપણ ગાડી આવશે તોય ગેટ ખુલશે નહી. જનરલ મુલાકાતીઓ માટે અલગ ગેટ નિયત થશે તે જ ગેટથી તેમને પ્રવેશ મળશે તેવી વ્યવસ્થા ગોઠવાઈ રહી છે.

નવા સચિવાલય સંકુલનું રૂ. ૧૬ કરોડના ખર્ચે નવીનીકરણ થઈ રહ્યું છે ત્યારે સંકુલની સુરક્ષા અને સલામતીની બાબતો પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. નવા સચિવાલય સંકુલને અતિ સુરક્ષિત બનાવવા હર્ડલ્સ, ગેટ ડીવાઈડેશન, મેટલ ડીટેક્ટર, કાર સ્કેનર સહીતના વિવિધ પ્લાન તૈયાર કરી તે મુજબની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. તે ઉપરાંત મંત્રીઓ તથા ઉચ્ચ અધિકારીઓ સહિત વી.વી.આઈ.પી. મહાનુભાવો માટે અલગથી ડીઝીટલ ઓટોમેટીક ગેટ તૈયાર કરવામાં આવનાર છે. ડીઝીટલ ઓટોમેટીક ગેટના ઈનબીલ્ટ મશીનમાં વી.આઈ.પી.ની એટલે કે પ્રધાનો અને અધિકારીઓની ગાડીઓના નંબર્સ ઈનપુટ કરી દેવામાં આવશે. ઉપરોક્ત ઈનપુટ થયેલા નંબર વાળી ગાડી આ ઓટોમેટીક ડીઝીટલ ગેટ પાસે આવીને ઉભી રહેશે કે તુરત જ તેનો નંબર સ્કેન થયા બાદ મશીન તે નંબર એક્સેપ્ટ કરશે અને ઓટોમેટીક ગેટ ખુલી જશે અને કાર નીકળી ગયા બાદ ગણતરીની સેકન્ડમાં ઓટોમેટીક ગેટ બંધ પણ થઈ જશે. અન્ય કોઈ સામાન્ય કાર કે નંબર ઈનપુટ ન થયો હોય તેવી કાર ગેટ પરથી પસાર જ થઈ નહી શકે. કેમ કે તેનો નંબર ઈનપુટ થયો ન હોવાથી ગેટ ખુલશે જ નહી. આ પ્રકારે હાઈ સિક્યુરીટી ઉભી કરવામાં આવી રહી છે. જે માટે વી.આઈ.પી. અને જનરલ મુલાકાતીઓના એન્ટ્રી ગેટ પણ નિયત કરી દેવામાં આવશે.



(તસવીર : દિપક જાની)

### નવા સચિવાલયમાં ગેટ પર કાર સ્કેનર લગાડવાની કામગીરી શરૂ

સુરક્ષા વ્યવસ્થાને ભાગરૂપે નવા સચિવાલય સંકુલમાં પ્રવેશતા તમામ મુલાકાતીઓ તથા તેમના વાહનોની ચકાસણી થતી હોય છે. વાહનમાં કોઈ શંકાસ્પદ ચિજવસ્તુઓ મુકવામાં આવી હોય તો તેને શોધવી મુશ્કેલ બને છે. જેથી નવા સચિવાલયમાંથી પસાર થતી એટલે કે એન્ટ્રી લેતી દરેક કારને કાર સ્કેનરમાંથી જ પસાર થવું પડશે જેને પગલે કોઈ પણ શંકાસ્પદ ચિજવસ્તુ કારમાં પડી હશે તો તે કાર સ્કેનર જ સ્કેન કરીને પકડી લેશે. આ કાર સ્કેનર નવા સચિવાલયના ગેટ પર લગાડવાની કામગીરી આરંભી દેવામાં આવી છે.

# રામટેકરી હટાવાશે પોઈન્ટના બસસ્ટોપનું સ્થાન બદલાશે

## માર્ગ નં. ૪-ડી ઉપર પોઈન્ટની બસો સ્ટોપ થાય તેવું આયોજન : પોઈન્ટની બસો સળંગ ઉભી રહી શકે તેવી વ્યવસ્થા ગોઠવવા પણ વિચારણા

ગાંધીનગર, તા. ૭

નવા સચિવાલય સંકુલના વિકાસ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે જ્યારે હાઈસિક્યુરીટી ઝોનમાં સલામતી વ્યવસ્થા સઘન બનાવવા નવતર આયોજન કરવામાં આવ્યું છે. સચિવાલય સંકુલમાં પ્રવેશ માટે નવી વ્યવસ્થા નિયત કરવામાં આવી છે. પાર્કીંગ વ્યવસ્થામાં પણ યોગ્ય કરવાનું કામ પૂર્ણતાના આરે છે, જ્યારે સચિવાલય નજીક સ્થિત રામટેકરી પણ કાઢી નાંખવામાં આવશે. હાલના સંજોગોમાં સ્થિત રામટેકરીના સલામતીની દૃષ્ટિએ અડચણરૂપ હોવાનું મનાય છે. ઉંચાણ પર સ્થિત ટેકરીના લીધે યોગ્ય વિઝન ન આવતું હોવાથી ટેકરી તોડી પાડવા વિચારણા હાથ ધરવામાં આવી છે. આ મામલે ગૃહવિભાગે પણ સલામતી વ્યવસ્થાને સ્પર્શતા પરિબળોને ધ્યાને લઈ સૂચન કર્યું છે. વધુમાં કર્મચારીઓને બસસેવા પુરી પાડવા પોઈન્ટના બસસ્ટેન્ડનું સ્થાન પણ બદલાય તેવી સંભાવના છે. પોઈન્ટની બસો સળંગ ઉભી રહી શકે તેવી વ્યવસ્થા ગોઠવવા પણ વિચારણા હાથ ધરાઈ છે. જેમાં માર્ગ નં. ૪-ડી ઉપર પોઈન્ટની બસો સ્ટોપ થાય તેવું આયોજન કરવા પણ વિચારાઈ રહ્યું છે. જૂના અને નવા સચિવાલય વચ્ચે સ્થિત રામટેકરી અને પોઈન્ટના બસ સ્ટેન્ડ સંદર્ભે પણ સલામતી વ્યવસ્થાને લઈ ફેરફાર કરવા આયોજન કરવામાં આવી રહ્યું છે.

# નવા સચિવાલયમાં પાર્કીંગથી બ્લોક સુધી પહોંચવા મીની-બસ દોડાવાશે

## પ્રધાનોથી લઈ કોમનમેનની એન્ટ્રી માટે ગેટ નિયત કરી દેવાયા : કર્મચારીઓને ચ-૭ના ગેટ પરથી પ્રવેશ અપાશે

ગાંધીનગર, તા.૭

નવા સચિવાલયમાં પ્રધાનો, અધિકારીઓ અને કોમનમેનની એન્ટ્રી એકઝીટ નિયત ગેટ પરથી થશે. સચિવાલય સંકુલમાં હવે નિયત ગેટ પરથી જ પ્રવેશ આપવાની વ્યવસ્થા ગોઠવાશે. પ્રત્યેક ગેટમાંથી એન્ટ્રી લીધા બાદ ડાબા હાથે પાર્કીંગ વ્યવસ્થા ઉપલબ્ધ થશે. જયારે પાર્કીંગના અંતે સંબંધિત બ્લોક સુધી પહોંચવા માટે ઈન્ટરનલ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ પણ ઉભી કરાશે કર્મચારીઓ અને મુલાકાતીઓને વિવિધ બ્લોક સુધી લઈ જવા સંકુલમાં મીની બસ ફરતી કરાશે. નવા સચિવાલય સંકુલના નવીનીકરણ માટે કરોડોનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે ત્યારે સલામતી વ્યવસ્થાને ધ્યાને લઈ આ આયોજન કરવામાં આવ્યું છે.

હાઈટેક બનતા રાજયના પાટનગરમાં મોટાભાગની સરકારી કચેરીઓને કોર્પોરેટ લૂક આપી દેવાયો છે. રાજયનો વહીવટી દોરી સંચાર સંભાળતા સચિવાલયની સલામતી વ્યવસ્થાને લઈને પણ મહત્વના પરિબળોને ધ્યાને લેવાયા છે. અંદાજિત રૂ. ૧૬ કરોડના ખર્ચે નવા સચિવાલય સંકુલનું નવીનીકરણ હાથ ધરવામાં આવ્યું છે. સંકુલને મોર્ડન લુક આપવા કવાયત હાથ ધરાઈ છે. જયારે નવા સચિવાલય સંકુલમાં આવતા મહાનુભાવોની સુરક્ષાનો મુદ્દો પણ મહત્વનો હોવાથી સલામતીને અનુલક્ષી નવતર આયોજન કરવામાં આવ્યું છે. અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર નવા સચિવાલયમાં પ્રવેશ વ્યવસ્થાને લઈ હવે પ્રધાનોથી લઈ કોમન મેન માટે અલગ અલગ ગેટ નિયત કરી દેવાયા છે. હાલની સ્થિતિએ સચિવાલય સંકુલમાં ત્રણ ગેટથી કર્મચારીઓ અને મુલાકાતીઓને પ્રવેશ આપવામાં આવે છે. જયારે નવી વ્યવસ્થા અન્વયે હવે ગેટ નં. ૧ પરથી કોમનમેનને એન્ટ્રી આપવામાં આવશે. સચિવાલયમાં કામ અર્થે આવતા મુલાકાતીઓને પ્રવેશ માટે ગેટ નં. ૧ પર જવું પડશે. જયારે અધિકારીઓ-કર્મચારીઓને 'ચ' માર્ગ પર સ્થિત ૭ નંબરના દરવાજા પરથી એન્ટ્રી મળશે. મંત્રીઓ માટે 'છ' માર્ગ પર સ્થિત ગેટનો ઉપયોગ કરવામાં આવશે. આ ગેટ પરથી મંત્રીઓ સિવાય કોઈને પણ પ્રવેશ આપવામાં આવશે નહીં. સચિવાલયના પ્રવેશદ્વાર નજીક

● અનુસંધાન પાન-૭ પર

# વાઈબ્રન્ટ ટ્રેડ-શો માટે ઊભા કરાયેલા હંગામી ટોઈલેટ બ્લોકમાં દૂષણો પાંગર્યા !

## સાંજ ઢળતા જ દિવાલની આડશમાં દૂષિત વૃત્તિ સંતોષાય છે !



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૭

ગત મહિના દરમિયાન હેલીપેડ મેદાન ખાતે યોજાયેલા ભવ્ય વાઈબ્રન્ટ ટ્રેડફેરને અનુલક્ષી ઉભા કરાયેલા ટોયલેટ બ્લોકસમાં હાલ દૂષણો પાંગરી રહ્યા છે. હેલીપેડ મેદાન આસપાસનો વિસ્તાર આમ પણ સાંજ ઢળતાં જ લવર્સ પોઈન્ટ બની ગયો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે ત્યારે ટ્રેડફેરના શામિયાણા સમેટી લેવાયા બાદ મહિનાના અંતે પણ ટોયલેટ બ્લોક દૂર ન કરાતા દિવાલની આડશમાં અસામાજિક પ્રવૃત્તિઓ થતી હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.

ગાંધીનગરના આંગણે ગત મહિના દરમિયાન યોજાયેલ વાઈબ્રન્ટ સમિટના લીધે ઐતિહાસિક નઝારો સર્જાયો હતો. વિજ્ઞાન અને ટેકનોલોજી સહિત બિઝનેસ પોલીસીને પ્રોત્સાહિત કરતા ટ્રેડ શૉને અનુલક્ષી સે. ૧૭ સ્થિત હેલીપેડ મેદાન ખાતે વિવિધ ડોમ્સ ઉભા કરાયા હતા. જ્યારે પ્રદર્શનની મુલાકાતે આવતા નાગરિકોને શૌચાલયની વ્યવસ્થા પુરી પાડવા જુદા જુદા ઠેકાણે ૭ જેટલા ટોઈલેટ બ્લોક પણ ઉભા કરવામાં આવ્યા હતા. વાઈબ્રન્ટ ટ્રેડફેરના એક મહિના બાદ પણ હાલ વિશાળ હેલીપેડ મેદાન પર કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. બીજીતરફ વ્યવસ્થાના ભાગરૂપે ઉભા કરાયેલા ટોઈલેટ બ્લોક પણ હજુ યથાવત સ્થિતિમાં હોવાથી દૂષણો પાંગરી રહ્યા હોવાનો જનઆક્રોશ પ્રબળ બન્યો છે.

હેલીપેડ મેદાન ફરતે ઉભા કરાયેલા શૌચાલયોમાં રાત્રિના સમયે પણ કેટલાક તત્વો અડ્ડો જમાવતા હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. હેલીપેડ વિસ્તારમાં રાત્રિ દરમિયાન પ્રેમી-પંખીડાઓ અડ્ડો જમાવતા હોવાનું પણ નજરે પડે છે. આવા સંજોગોમાં લાયબ્રેરી સામે પાંગરેલા કીટલી કલ્ચરની સાથે ટોઈલેટ બ્લોકની આડશ પાછળ દુષિત વૃત્તિ-પ્રવૃત્તિ સંતોષાતા ભદ્ર સમાજનું મોં વંકાયું છે. ટોઈલેટ બ્લોક ત્વરિત તોડી પાડવા પણ માંગ ઉઠવા પામી છે.

### બેસણું



મારા પુત્રશ્રી **રશ્મિકાન્તભાઈ ભાનુશંકર પંડ્યા**નું દુઃખદ અવસાન તા. ૬/૨/૨૦૧૩ને બુધવારના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૮/૨/૨૦૧૩ને શુક્રવારના રોજ સાંજે ૪-૦૦ થી ૭-૦૦ દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : 'કમલા'-પ્લોટ નં.૫૩૯/૧, મહાવીર સોસાયટી, સેક્ટર-૨૧, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૮૨૮ ● મો. : ૯૮૨૪૦૨૭૮૪૬

લિ.

સ્વ. ભાનુશંકર વનમાળીદાસ પંડ્યા ● સ્વ. કમળાબેન ભાનુશંકર પંડ્યા

ગં.સ્વ. પ્રમિલાબેન રશ્મિકાન્ત પંડ્યા

અમિત રશ્મિકાન્ત પંડ્યા (પુત્ર) — માધવીબેન અમિત પંડ્યા (પુત્રવધુ)

કુશાગ્ર અમિત પંડ્યા (પૌત્ર) — કિરણબેન ભાનુશંકર પંડ્યા (બહેન)

તથા સમગ્ર પંડ્યા પરિવાર




ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર. ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭


સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ










Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com